| | | | | | |
|---|---|---|---|---|---|
| GJJN070007372023 | | આંક :– | | | |
| | | રજૂ તારીખ :– | ૦૪/૦૫/૨૦૨૩ | | |
| | | દાખલ તારીખ :– | ૦૪/૦૫/૨૦૨૩ | | |
| | | ફેંસલ તારીખ :– | ૨૯/૦૭/૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમયગાળો :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૩ | ૦૨ | ૨૫ |

**–:નમુનો–અ:–**

**જુનાગઢના મહે.ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કેમ્પ એટ માંગરોળ, મુ.માંગરોળ.**

**ચુકાદાની તા. ૨૯/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૫૪૪/૨૦૨૩**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | આઈ.પી.સી. કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૮૨૩૦૧૧૬/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે.એન. શ્રીમાળી |
| આરોપી પક્ષ | (૧) હસન આમદભાઈ કાદુ,<br>(૨) યુનુસ આમદભાઈ કાદુ,<br>(૩) સોએબ અબ્દુલભાઈ કાદુ,<br>(૪) ઈલ્યાસ ઉર્ફે સુફીયાન અબ્દુલભાઈ કાદુ,<br>તમામ રહે. માંગરોળ બાયપાસ, જેતખમ રોડ, હિદાયત મસ્જીદની બાજુમાં, તા.માંગરોળ, જિ.જૂનાગઢ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી કે.જે.પરમાર |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૯/૦૪/૨૦૨૩ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૮/૦૯/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | - |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | - |

**-:આરોપીની વિગત:-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | હસન આમદભાઈ કાદુ | ૧૫/૩/૨૩ | ૧૬/૩/૨૩ | આઈ.પી.સી. કલમ-૩૨૩, ૨૯૪(ખ) ,૫૦૬(૨), ૧૧૪ મુજબ | નિર્દોષ | -- | -- |
| ૨. | યુનુસ આમદભાઈ કાદુ | '' | '' | '' | '' | '' | '' |
| ૩. | સોએબ અબ્દુલભાઈ કાદુ | '' | '' | '' | '' | '' | '' |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪. | ઈલ્યાસ ઉર્ફે સુફીયાન અબ્દુલભાઈ કાદુ | '' | '' | '' | '' | '' | '' |

**−:નમુનો−ક:−**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૩૧ | આમદભાઈ અલ્લારખાભાઈ જેઠવાની જુબાની | ફરિયાદી |
| પી.૨ | ૩૫ | અમીનાબેન મહમદ હનીફ જેઠવાની જુબાની | સાહેદ |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૩૨ | અસલ ફરિયાદ. |
| ડી.૨ | ૩૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ડી.૩ | ૩૭ | અટક પંચનામું |
| ડી.૪ | ૩૮ | ફરિયાદીનું સી.એચ.સી. માંગરોળનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૩૯ | ફરિયાદીનું જી.એમ.ઈ.આર.એસ., જૂનાગઢનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૬ | ૪૦ | સાહેદ અમીના મહમદ જેઠવાનું સી.એચ.સી., માંગરોળનું મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૭ | ૪૧ | કલોઝીંગ પુરશીષ |

**બ. બચાવ પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ……… | ……… |
| બ.સ.૧ | ……… | ……… |

**<u>ક. ન્યાયાલય પક્ષ</u> :**

| **અનુ ક્ર.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | ……… | ……… |
| ન્યા.સ.૧ | ……… | ……… |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u> :**

| **અનુ ક્ર.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | ……… |
| ૨. | ભૌ.પ.૨ | ……… |

**<u>–:: ચુ કા દો ::–</u>**

**(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આ કામનાં આરોપીઓએ ગઈ તા.૧૨/૦૩/૨૦૨૩ નાં રોજ કલાક ૧૯–૩૦ વાગ્યાના અરસામાં માંગરોળ, જેતખમ પાસે કોટડા ખડી સીમ વિસ્તારમાં આ કામના ફરિયાદીએ પોતાની જમીન એક વર્ષના વાવેતર માટે આ કામના આરોપી નં.(૧) ને આપેલ હોય જે જમીનમાં પોતે સેઢે આવેલ જાડવા સાફ કરતા હોય ત્યારે કચરો ખેતરમાં નાખવા બાબતે આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ નં.(૬) ને ભુંઢી ગાળો બોલી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી તેમજ ફરિયાદીને દીવાલમાં ભટકાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ જે બનાવની આ કામના ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરેલી.

**(૨) ફરિયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરિયાદીની ફરિયાદ અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૩૦૧૧૬/ ૨૦૨૩ થી ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ

અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂઘ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરૂઘ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપીઓ વિરૂઘ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરુઘ્ધ આંક–૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આંક–૪ થી ૭ સુધી તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગો છો તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂઘ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો આવતો ન હોય તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષના વિ.વકીલ શ્રી કે.જે.પરમારની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરિયાદપક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | **મુદ્દા** |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૨/૦૩/૨૦૨૩ નાં રોજ કલાક ૧૯–૩૦ વાગ્યાના અરસામાં માંગરોળ, જેતખમ પાસે કોટડા ખડી સીમ વિસ્તારમાં આ કામના ફરિયાદીએ પોતાની જમીન એક વર્ષના વાવેતર માટે આ કામના આરોપી નં.(૧) ને આપેલ હોય જે જમીનમાં પોતે સેઢે આવેલ જાડવા સાફ કરતા હોય ત્યારે કચરો ખેતરમાં નાખવા બાબતે આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ નં.(૬) ને ભુંઢી ગાળો બોલી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી તેમજ ફરિયાદીને દીવાલમાં ભટકાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શીક્ષપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

## (૮) મુદ્દાઓના નિર્ણય

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## (૯) નિર્ણય માટેના કારણો

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧) ફરિયાદપક્ષનો પુરાવો :–** આ કામે આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત નિ:શંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરીયાદ પક્ષ તરફથી સૌપ્રથમ ફરિયાદી આમદભાઈ અલ્લારખાભાઈ જેઠવાને આંક–૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ

તા.૧૨/૦૩/૨૩ ના રોજ બનેલ આ વખતે તેઓ વાડીએ હતા અને સાફ સફાઈ કરતા હતા બનાવ વખતે તેઓ સરગવો કાપતા હતા તેથી તેના લાકડા નીચે પડેલ હતા જેથી હસનભાઈએ કહેલ કે આ લાકડા લઈ લો જેથી રાત્રીનો સમય થઈ ગયેલ હોય તેઓએ કહેલ કે, સવારે લઈ લઈશ તો હસનભાઈએ કહેલ કે હમણાજ ઉઠાવી લે તેમાં સામ–સામી બોલાચાલી થયેલી અને હસનભાઈ ગામમાં જતા રહેલ હતા. ત્યારબાદ કલાક પછી આ યુનુસભાઈ (૧) હસનભાઈ (૨) અબ્દુલ્લા અને અબ્દુલ્લાના બે દીકરાઓને બોલાવીને ફરિયાદીની વાડીએ લઈ આવેલ અને ગાળો બોલી તેમની સાથે મારા મારી કરવા લાગેલ. તેમને કાઠલો પકડી આ ચારેય જણાએ ભીતમા ભટકાવેલ. આ વખતે તેમના ભાભી અમીનાબેન તથા તેમના ભત્રીજાઓએ તેમને બચાવેલ અને તેમના ભત્રીજાએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા તેઓ તથા તેમના ભાભી અમીનાબેન તેમના ભત્રીજાની સાથે માંગરોળ સરકારી દવાખાને ગયેલા. આ બનાવમાં તેમના ભાભી તેમને છોડવવા વચ્ચે પડતા તેઓને પણ મારઝુડ કરેલી. આ બનાવનું કારણ એવુ છે કે, તેઓએ એક વર્ષના વાવેતર માટે હસનભાઈને જમીન આપેલ હતી અને ત્યાં તેઓ ઝાડવા વિ. વાવેલ હોય કચરો સાફ કરવા માટે ગયેલા હતા તેના કારણે બનાવ બનેલ હતો. બનાવ બાબતે તેઓએ ફરિયાદ આપેલી હતી. તેમને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૩૨ થી આ કામે રજુ રાખેલ છે. આરોપીઓ ને જોયે ઓળખી શકે.

સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ આરોપીઓને બનાવ પહેલેથી ઓળખે છે. હસન આમદભાઈ કાદુએ એક વર્ષ માટે રૂા.૨૫,૦૦૦/– મા તેમની વાડીમા ભાગીયુ રાખેલ હતુ. ફરિયાદીને સવાલ પુછતા, તમોએ આ ભાગીયુ કઈ તારીખથી કઈ તારીખ સુધી આપેલ હતુ ? તેના જવાબમાં જણાવેલ છે કે, આ બાબતે કોઈ લખાણ કરાવેલ નથી. ફરિયાદી વધુમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, લખાણ કરેલ ન હોય તેથી ભાગીયુ કઈ તારીખથી કઈ તારીખ સુધી આપેલ તે તેઓ કહી શકે નહી. આ વાડીમાં પપૈયા, જુઆર, શાકભાજીનું વાવેતર કરેલ હતુ. આ જુઆર વાવેલ

હતી તેની બાજુમાં સરગવાનું ઝાડ હતુ. ફરિયાદી જણાવે છે કે, જુઆરને નુકશાન કરેલ ન હતુ. જેમણે ભાગીયુ રાખેલ હોય તેઓ વાવેતર કરી શકે અને મોલ લઈ શકે છે.

ત્યારબાદ સદર કામ આગળ ચાલતાં ફરિયાદીનો પુરાવો રજુ થયા બાદ આંક –૩૩ થી ફરિયાદીપક્ષ તરફે વિ.એ.પી.પીશ્રીએ વધુ ઉલટ તપાસ માટે મુદત રીપોર્ટ આપતાં જે અત્રેની અદાલત દવારા તા.૨૨/૦૬/૨૦૨૬ નાં રોજ મંજુર કરવામાં આવતાં પછીની મુદતે સદર ફરિયાદીની વધુ ઉલટતપાસ રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં સદર ફરિયાદીએ એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે અને માણસો ત્યાં ખેતીકામ કરતા હોય છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નહી. માણસો ભેગા થતા ધકા મુકીમાં પડી જવાથી તેમને તથા તેમના ભાભીને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતા. આરોપીઓએ તેમને કોઈ ભુંડી ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નથી. તેઓએ તેમની ફરિયાદ વાંચેલ નથી કે તેમને વાંચી સંભળાવેલ નથી.

**(૯.૨)** ફરિયાદપક્ષ ધ્વારા આંક–૩૫ થી સાહેદ અમીનાબેન મહમદ હનીફ જેઠવાને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલનો બનાવ એકાદ વર્ષ પહેલા બનેલ. બનાવ સમયે વાડીમાંથી નાળીયેરના જાડાથી સફાઈ બાબતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલ વિશેષ કાઈ બનેલ નહી. બનાવ સમયે માણસો ભેગા થઈ જતા ધકા મુકીમાં પડી જતા તેમને તથા તેમના દીયર આમદભાઈને ઈજા થયેલ જેની તેઓએ હોસ્પિટલમાં સારવાર લીધેલ. આરોપી સાથે હાલ તેઓને કોઈ મનદુ:ખ કે મતભેદ નથી. આ બનાવની આમદભાઈએ પોલીસ ફરિયાદ આપેલ. પોલીસે તેમનું નિવેદન લીધેલ. આરોપીઓને જોઈને ઓળખી શકે જે તમામ આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

સદર સાહેદ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને પરવાનગીથી ફરી ગયેલ પંચસાહેદો જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસમા સ્વીકારે છે કે, બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે અને માણસો ત્યાં ખેતીકામ કરતા હોય છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નહી. માણસો ભેગા થતા ધકા મુકીમાં પડી જવાથી તેમને તથા તેમના દીયરને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતા. આરોપીઓએ તેમને કોઈ ભુંડી ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નથી. તેઓએ તેમનું નિવેદન વાંચેલ નથી કે તેમને વાંચી સંભળાવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન:-</u>**

(૧૦) ફરિયાદ પક્ષનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલા ફરિયાદી તથા સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદીએ તેમની આંક-૩૧ ની સરતપાસમા ફરિયાદ હકીકતને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે, પરંતુ ત્યારબાદ સદર ફરિયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતાં ફરિયાદીએ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે અને માણસો ત્યાં ખેતીકામ કરતા હોય છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નહી. માણસો ભેગા થતા ધકા મુકીમાં પડી જવાથી તેમને તથા તેમના ભાભીને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતા. આરોપીઓએ તેમને કોઈ ભુંડી ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. પોલીસે ફકત તેમનું નામ, સરનામુ પુછેલ તે સિવાય બીજુ કશુ પુછેલ નથી. તેઓએ તેમની ફરિયાદ વાંચેલ

નથી કે તેમને વાંચી સંભળાવેલ નથી. તે જ રીતે આંક–૩૫ થી તપાસવામાં આવેલ સાહેદે પણ સદર હકીકત તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે અને તેમના નિવેદનની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. જેથી સદર કામે ખુદ ફરિયાદી તથા સાહેદના પુરાવાથી ફરિયાદ હકીકત મુજબનો સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોવાનું જણાય આવે છે. આમ સદર ફરિયાદી તથા સાહેદે આરોપીઓએ ફરિયાદી તથા સાહેદને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી તેમજ ફરિયાદીને દીવાલમાં ભટકાવી માર મારેલ હોવા સબંધે સબળ અને પ્રબળ પુરાવો આપેલ નથી. જેથી આરોપીઓ સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ તથા ૧૧૪ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર માની શકાય નહીં.

**(૧૧)** વધુમાં, આરોપીઓએ ફરિયાદી તથા સાહેદને જાહેર જગ્યા પર કોઈ ગાળો આપેલ હોય તો તે કેવા પ્રકારની ગાળો આપેલ, તેના શબ્દો શું હતા તે સંબંધે કોઈ જ પુરાવો ફરિયાદી તથા સાહેદે આપેલ નથી. તે જોતા, ફરિયાદી તથા સાહેદનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદી તથા સાહેદોના પુરાવા પરથી હાલના આરોપીઓ સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. ત્યારે આરોપીઓ સામેનો ભારતીય દંડ સંહીતાની કલમ–૨૯૪(ખ), ૧૧૪ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૧૧૪ ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૨)** વધુમાં, આરોપીઓએ કેવા પ્રકારની ધમકી આપેલ, તેના શબ્દો શું હતા તેમજ તે ધમકી આપ્યા બાદ ફરીયાદી તથા સાહેદ સતત ભયના ઓથાર હેઠળ રહેલ હોય તે સંબંધે કોઈ સબળ અને સચોટ પુરાવો આવેલ નથી. તે જોતા, ફરિયાદી અને સાહેદનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. જયારે આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા સંબંધેનો આક્ષેપ છે તે બાબતે જોતા, હાલનો બનાવ બન્યા બાદ આવી ધમકી સંબંધે ફરિયાદી તથા સાહેદ સતત ભયના ઓથાર હેઠળ રહયા હોય કે તેઓ

રોજબરોજની કામગીરી કે ફરજ બજાવી શકયા ન હોય તે સંદર્ભે કોઈ હકારાત્મક પુરાવો આવેલ નથી. વધુમાં **૨૦૦૨(૧) જી.એલ.એચ.જે. પાના નં.૪ મનસુરખાન ચાસીમખાન પઠાણ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, ફરિયાદીને અપાયેલ ધમકીના કારણે ફરિયાદીના મનમાં ભયની ઘંટી બજતી હોય તેવુ લાગવુ જોઈએ અને તેવી ધમકી આપ્યાના કારણે ફરિયાદી પોતાની ફરિયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે રોજબરોજની કામગીરી કરવા શકિતમાન ન હતા તે હકીકત પુરવાર થવી જોઈએ અને ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલ તે શબ્દો પણ મહત્વના છે. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદી તથા સાહેદના પુરાવા પરથી હાલના આરોપીઓ સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, ત્યારે આરોપીઓ સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૫૦૬(૨), ૧૧૪ ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૩)** સદર કામે આંક-૩૬ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક-૩૭ થી અટક પંચનામું, આંક-૩૮ થી ફરિયાદીનુ સી.એચ.સી. માંગરોળનું મેડીકલ સર્ટીફીકેટ, આંક-૩૯ થી ફરિયાદીનું જી.એમ.ઈ.આર.એસ. જૂનાગઢનું મેડીકલ સર્ટીફીકેટ, આંક-૪૦ થી સાહેદ અમીના જેઠવાનું સી.એચ.સી. માંગરોળનું મેડીકલ સર્ટીફીકેટ ને બચાવ પક્ષની કબુલાતથી આંકે આપવામાં આવેલ છે, જેને ધ્યાને લેતા સદર ગુનાવાળી જગ્યાએ બનાવ બનેલ હોવાનુ, આરોપીઓને અટક કરેલ હોવાનું તથા ફરિયાદી તથા સાહેદ અમીનાબેનને ઈજા થયેલ હોવાનુ પુરવાર થાય છે, પરંતુ ફરિયાદી અને સાહેદ અમીનાબેનને આ કામના આરોપીઓએ ભુંડી ગાળો બોલી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી આક્ષેપીત ગુનો કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

**(૧૪)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૪૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, વિશેષ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં **૧૯૯૬(૯) એસ.સી.સી. ૭૬૬, સતીષ મેહરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ**ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ''જયારે જજને ચોકકસ પણે એમ લાગે કે કેસના સંજોગોને ઘ્યાને લેતા કેસનો અંત સજામાં પરીણામશે નહી, ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીજર પુરી કરવા માટે વેડફવો નહી'' તે સિઘ્ધાંત ઘ્યાને લેતા તેમજ બાકીના સાહેદોને ફરીયાદપક્ષ તપાસવા માંગતા નથી તે હકીકત ઘ્યાને લેતા વધારાના અન્ય સાહેદોને તપાસવાથી પણ હાલના કેસના ન્યાયીક નિર્ણયમાં કોઈ મદદરૂપ થાય તેમ ન હોય કે ન્યાયીક નિર્ણયમાં કોઈ ફેર પડે તેમ જણાતું ન હોય તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ની જોગવાઈ તથા ફરિયાદપક્ષે આંક–૪૧ થી રજુ કરેલ પુરાવો બંધ કરવાની પુરસીસ ઘ્યાને લેતાં, હાલના કામે વધારાના સાહેદ તપાસવામાં આવેલ નથી.

**(૧૫)** આમ ફરિયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરયિાદ પક્ષે તપાસેલ ફરિયાદી તથા સાહેદ અમીનાબેનના પુરાવાથી ફરિયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરિયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત રીતે ફલિત થતી નથી. જેથી ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીઓ ને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૨/૦૩/૨૦૨૩ નાં રોજ કલાક ૧૯–૩૦ વાગ્યાના અરસામાં માંગરોળ, જેતખમ પાસે કોટડા ખડી સીમ વિસ્તારમાં આ કામના ફરિયાદીએ પોતાની જમીન એક વર્ષના વાવેતર માટે આ કામના આરોપી નં.(૧) ને આપેલ હોય જે જમીનમાં પોતે સેઢે આવેલ જાડવા સાફ કરતા હોય ત્યારે કચરો ખેતરમાં નાખવા બાબતે આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ નં.(૬) ને ભુંઢી ગાળો બોલી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી તેમજ ફરિયાદીને દીવાલમાં ભટકાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૨૯૪(ખ)

૫૦૬(૨) તથા ૧૧૪ અન્વયેના આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદ્દા નં. ૧** નો નિર્ણય ''**નકારમાં**'' આપી, **મુદ્દા નં. ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>-:: આ ખ રી હુ ક મ ::-</u>

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં. (૧) હસન આમદભાઈ કાદુ,નં.(૨) યુનુસ આમદભાઈ કાદુ, નં.(૩) સોએબ અબ્દુલભાઈ કાદુ, નં.(૪) ઈલ્યાસ ઉર્ફે સુફીયાન અબ્દુલભાઈ કાદુ, તમામ રહે. માંગરોળ બાયપાસ, જેતખમ રોડ, હિદાયત મસ્જીદની બાજુમાં, તા.માંગરોળ, જિ.જૂનાગઢ.નાઓને તેમની વિરૂધ્ધના ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ **તારીખ : ૨૯ મી, માહે: જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૨૯/૦૭/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ
**(GJ-01286)**